

**તા. ૦૧.૦૧.૨૦૨૧**


# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આકૃયુ, દાહોદના સ્થાપના દિવસની ઉજવણી


કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, મુવાલિયા ફાર્મ, દાહોદ અને જીલ્લા ખેતીવાડી ખાતું, દાહોદના સાયુક્ત ઉપક્રમે તારીખ ૦૧.૦૧.૨૦૨૧નાં રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દાહોદના સ્થાપના દિવસની ઉજવણી ONLINE માધ્યમથી કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી આર. એફ. સુથાર, જીલ્લા ખેતીવાડી અધિકારી, દાહોદ હાજર રહી અને ખેડૂતોની આવક બમણી કરવા ચાવીરૂપ પગલાં સમજાવ્યા હતા. આ કાર્યક્રમની શરૂઆતમાં કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી (ઇ./ચા.), ડૉ. એચ. એલ. કાચાએ કેન્દ્ર દ્વારા ચાલતી વિવિધ વિસ્તરણ પ્રવૃત્તિઓ વિશે ખેડુતોને માહિતગાર કર્યા હતા. શ્રી. ઉ. જે. પટેલ, મદદનીશ ખેતી નિયામકશ્રી, જમીન ચકાસણી પ્રયોગશાળા, દાહોદ દ્વારા જમીન ચકાસણી વિષે ઊંડાણ પૂર્વક સમજ આપી હતી. ડૉ. આર. રાધારાની, વૈજ્ઞાનિક (પશુપાલન) દ્વારા પશુઓના રહેઠાણ અને ખોરાક વ્યવસ્થાપન વિશે વ્યાખ્યાન આપેલ, શ્રી એન. ડી. મકવાણા વૈજ્ઞાનિક (સસ્ય વિજ્ઞાન)એ સજીવ ખેતી વિષે સમજ આપી હતી. આ કાર્યક્રમનુ સફળ સંચાલન શ્રી. જી. કે. ભાભોર, વૈજ્ઞાનિક (વિસ્તરણ શિક્ષણ) દ્વારા કરવામાં આવેલ.


આ કાર્યક્રમમાં દાહોદ જીલ્લાના ૬ તાલુકાનાં ૩૨ ગામોના કુલ ૧૧૭૮ ખેડુતભાઇઓ તેમજ મહિલાખેડૂતોએ ONLINE માધ્યમ દ્વારા આ સ્થાપના દિવસની ઉજવણી પ્રસંગે ઉત્સાહભેર ભાગ લીધેલ હતો.





NMSA યોજના અંતર્ગત
સોઈલ હેલ્થ કાર્ડ-ખેડૂત તાલીમ-નિદર્શન








NMSA યોજના અંતર્ગત
વર્ષ - ૨૦૨૦-૨૧
ખેતીવાડી શાખા, જિલ્લા પંચાયત, દાહોદ










NMSA

